# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-10-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. વિકાસ સપ્તાહ અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બે હજાર કરોડ રૂપિયાના વિકાસકાર્યોનો શુભારંભ કર્યો.
2. અંકલેશ્વરની કંપનીમાં કરોડો રૂપિયાના ડ્રગ્સ મામલે પાંચ આરોપીઓના ટ્રાન્ઝિટ રિમાન્ડ મંજૂર, દિલ્હી ક્રાઇમબ્રાન્ચ કરશે આગળની તપાસ
3. પાંચમા રાષ્ટ્રીય જળ પુરસ્કાર 2023માં ગુજરાત અને પુડુચેરીએ સંયુક્ત રીતે ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું
4. રાજકોટમાં કેન્દ્રીય મંત્રી નિમુબહેન બાંભણિયાના અધ્યક્ષ સ્થાને વિશ્વ માનક દિવસની ઉજવણી
5. ભરૂચમાં ભારે વરસાદ બાદ વીજળી પાડતાં 4ના મોત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM GLOBAL SUMMIT

વિકસિત ભારત 2047ની નેમસાકાર કરવામાં દેશના ગ્રોથ એન્જિન તરીકે આગેવાની કરવા ગુજરાત સજ્જ હોવાનું મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યુ હતું.

મુખ્યમંત્રીએ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'વિકાસ સપ્તાહ' ની ઉજવણી અંતર્ગત 2 હજાર કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત ક્યું.

વધુમાં તેમણે કહ્યું કે સુદ્રઢ નાણાંકીય વ્યવસ્થાપન-ક્વૉલિટીવર્ક-સામાન્ય માનવીના હિતોને કેન્દ્રમાં રાખીને નિતીઓના અમલથી અમૃતકાળથી દેશની સતાબ્દી સુધીમાં વિકસીત ભારત ૨૦૪૭ માટે વિકસિત ગુજરાતના નિર્માણના હેતુથી દર વર્ષે વિકાસ સપ્તાહ ઉજવાશે.

આ પ્રસંગે સંબોધન કરતા મુખ્યમંત્રીએ કહ્યું કે દેશની આર્થિક મહાસત્તા બનાવવામાં 'વાઇબ્રન્ટ ગુજરાત' સમિટની ભૂમિકા પાયારૂપ છે. વધુમાં તેમણે ઉમેર્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પરિકલ્પનાથી શરૂ થયેલ વાઇબ્રન્ટ સમિટના 10 સંસ્કરણોને મળેલી ભવ્ય સફળતાથી, ગુજરાતમાં 103.37 લાખ કરોડ રૂપિયાથી વધુના બે લાખથી વધારે MoU થયા.

આ વિકાસકાર્યોમાં પાણી પુરવઠા વિભાગના 13, શહેરી વિકાસ વિભાગના 11, માર્ગ અને મકાન વિભાગના 5, ગૃહ વિભાગના 3 અને જળ સંપત્તિ અને ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના 1-1 વિકાસ પ્રકલ્પોનો સમાવેશ થાય છે.

-----------------------------------

# VIKAS SAPTAH – DISTRICT - 1

રાજ્યભરમાં વિકાસ સપ્તાહની ઉજવણી હેઠળ આજે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને મહેસાણા ખાતે જિલ્લાના ૧૦ કરોડથી વધુના ૧૬૧ વિકાસ કામોનું ઈ-ખાતમુહૂર્ત અને ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

છોટાઉદેપુર ખાતે અન્ન અને નાગરિક પુરવઠા રાજ્યમંત્રી ભીખુસિંહજી પરમારે ૭૨.૭૬ કરોડના ૧૭૭ વિકાસ કામોનું ઈ-ખાતમુહૂર્ત અને ઈ-લોકાર્પણ હતું.

રાજ્યસભાના સાંસદ કેસરીદેવસિંહે મોરબીમાં સ્કાય મોલ ખાતે જિલ્લાનાં ૩૬ કરોડથી વધુનાં ૧૩ વિકાસ કાર્યોનું ખાતમુહુર્ત અને લોકાર્પણ કર્યું હતું.

વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત સ્ટેચ્યૂ ઑફ યુનિટી પરિસરમાં વિવિધ પ્રવાસ સ્થળોને રંગબેરંગી લાઇટિંગથી શણગારવામાં આવ્યા છે. જેને કારણે આ સ્થળો પ્રવાસીઓ માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

અમદાવાદના બાવળા ખાતે I-Create પરિસરમાં 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી અંતર્ગત વર્ચ્યુઅલ સેમિનાર યોજાયો હતો. જેમાં માહિતી ખાતાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના '23 વર્ષ સફળ, સબળ અને સમર્થ નેતૃત્વના' પુસ્તકનું વિતરણ કર્યું.

તાપીથી અમારાં પ્રતિનિધિ નીરવ કંસારા જણાવે છે કે, જિલ્લાના વ્યારામાં સયાજી ગ્રાઉન્ડથી વિકાસ પદ યાત્રા નીકળી હતી. આ પદયાત્રાની શરૂઆત ભારત વિકાસ પ્રતિજ્ઞા લઈ કરવામાં આવી હતી. આ પદયાત્રામાં પોલીસ બેન્ડ, પ્લેકાર્ડ સાથેના નાગરિકો, અને અધિકારીઓના જોડાયા હતા.

## VIKAS SAPTAH – DISTRICT- 2

જામનગરથી અમારાં પ્રતિનિધિ જગત રાવલ જણાવે છે કે, વિકાસ સપ્તાહ ૨૦૨૪ અંતર્ગત શહેરની એમ.પી.શાહ કોમર્સ કોલેજ ખાતે સ્ટાર્ટઅપ ટોકનું આયોજન કરાયું. જેમાં ૮૨ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જામનગરના કાલાવડ તાલુકાના ખડધોરાજી ગામે સર્વ રોગ નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરાયું હતુ.

નડિયાદ ખાતે શ્રીસંતરામ કેળવણી મંદિરથી સરદાર પટેલ જન્મસ્થળ સ્મારક સુધી વિકાસ પદયાત્રા યોજાઈ. જેમાં બહોળી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો.

વિકાસ સપ્તાહની ઉજવણી હેઠળ કચ્છના આંગણવાડી કેન્દ્રો ખાતે પોષણલક્ષી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કુપોષણને ઘટાડવા માટે ગૃહ મુલાકાત દ્વારા સગર્ભા માતાઓને કેવા પ્રકારનો ખોરાક લેવો તેની જાણકારી આપવામાં આવી હતી. રાપર નગરપાલિકા દ્વારા વિવિધ જગ્યાએ યોજાયેલી રેલીમાં મોટી સંખ્યામાં શહેરીજનો જોડાયા હતા. યુવાવર્ગની સહભાગીતા માટે શાળામાં ચિત્ર સ્પર્ધા તથા સ્વચ્છતા રેલી યોજાઇ હતી. વેસ્ટ ટુ બેસ્ટ ઇવેન્ટના આયોજન સાથે શહેરમાં જુદા જુદા સ્થળોએ ભીંતચિત્રો દોરવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . .

## RUSHIKESH PATEL - FOOD & DRUGS

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે ફૂડ અને ડ્રગ્સ વિભાગ દ્વારા આગામી તહેવારોના દિવસોમાં સઘન ચેકીંગ કરવામાં આવશે.

નકલી ભેળસેળવાળો માલ ઉત્પાદનકર્તા સુધી ન પહોંચે તેમજ નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં ન થાય તે માટે ફૂડ અને ડ્રગ્સ વિભાગ દ્વારા માવો, ઘી, દૂધ જેવી બનાવટો બનતી હોય ત્યાં ચેકીંગ કરાશે. તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકારના પ્રયત્નોને કારણે નકલી ખાદ્ય પદાર્થો પકડાય છે.

(બાઇટ- ઋષિકેશ પટેલ, આરોગ્યમંત્રી)

--------------------

## BHARUCH DRUGS SCRIPT NEED TO BE UPDATE

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર GIDCની કંપનીમાં પાંચ હજાર કરોડનું ડ્રગ્સ પકડાયા મામલે હવે દિલ્હી ક્રાઇમ બ્રાંચ આગળની તપાસ હાથ ધરશે. આ કેસમાં પાંચ આરોપીઓને ટ્રાન્ઝીટ રિમાન્ડ માટે સ્થાનિક અદાલતમાં રજૂ કરાયા હતા. આ વિશે વધુ માહિતી આપી રહ્યા છે..... અમારા પ્રતિનિધિ – વાહિદી મશિદ્દી.

**(VOICECAST - WAHID MASSIDI, BHARUCH)**

-----------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.................................

## Jal Puraskar

પાંચમા રાષ્ટ્રીય જળ પુરસ્કાર 2023માં ગુજરાત અને પુડુચેરીએ સંયુક્ત રીતે ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે. નવી દિલ્હીમાં જળશક્તિ મંત્રાલયે આજે કરેલી જાહેરાત પ્રમાણે રાજ્યોની શ્રેણીમાં ઓડિશાએ પ્રથમ જ્યારે ઉત્તરપ્રદેશે બીજું સ્થાન મેળવ્યું છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ 22મી ઓક્ટોબરે નવી દિલ્હીમાં આ પુરસ્કાર એનાયત કરશે. તેમાં નવ શ્રેણીમાં સંયુક્ત વિજેતાઓ સહિત કુલ 38 વિજેતાઓને પુરસ્કાર પ્રદાન કરવામાં આવશે. દરેક પુરસ્કાર વિજેતાને એક પ્રશસ્તિપત્ર, એક ટ્રોફી અને કેટલીક શ્રેણીઓમાં રોકડ પુરસ્કાર પણ આપવામાં આવશે.

નવી દિલ્હીમાં આજે  એક પત્રકાર પરિષદમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર પાટીલે જળ વ્યવસ્થાપનનાં મહત્વ અંગે લોકોને જાગૃત કરવા બદલ વિજેતાઓની પ્રશંસા કરી. તેમણે એમ પણ જણાવ્યું કે, જળ શક્તિ મંત્રાલય રાષ્ટ્રીય સ્તરે જળ સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે વ્યાપક અભિયાન ચલાવી રહ્યું છે.

----------------------------------

## GUJARAT LAW UNIVERSITY

ગાંધીનગરની ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીને બોમ્બથી ઉડાવી મૂકવાની ધમકી આપતો ઇમેલ મળતાં ગાંધીનગર પોલીસ સતર્ક બની છે..

ગાંધીનગર ડીવાયએસપી આર. આર. દેસાઈએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે, આજે ડોગ સ્કવૉડ સાથે પોલીસે સમગ્ર પરિસરની તપાસ કરી હતી. જોકે આ દરમિયાન કોઈ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી. પોલીસ ટૂંક સમયમાં ઇમેલ – મોકલનાર આરોપીને ઝડપી પાડશે.

-----------------------------------

## Rajkot - Nimuben Bambhaniya

ગ્રાહક, ખાદ્ય તેમજ જાહેર વિતરણ બાબતોના કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબહેન બાંભણિયાના અધ્યક્ષસ્થાને રાજકોટમાં વિશ્વ માનક દિવસની ઉજવણી કરવામાં આવી ભારતીય માનક સંસ્થા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, આજે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારતીય બ્રાન્ડનું મહત્વ વધ્યું છે, જેના કારણે ભારતની અર્થવ્યવસ્થા સબળ બની છે. આજે ભારતમાં ઉત્પાદિત થતી વસ્તુઓની વૈશ્વિકસ્તરે માંગ વધી છે અને ભારતના ઉત્પાદનો પર વિશ્વનો ભરોસો વધ્યો છે.

(બાઇટ – નિમુબેન બાંભણિયા, કેન્દ્રીયમંત્રી)

દરેક વસ્તુની ગુણવત્તામાં માનક મહત્વનું છે. ભારતીય માનક ફક્ત ગ્રાહકોની આરોગ્યની સુરક્ષા માટે જ નહીં પરંતુ પર્યાવરણની સુરક્ષા માટે પણ કાર્યરત છે.

----------------------------------

## KUTCH NAVRATRI

રાજ્યમાં નવરાત્રીની ઉમંગભેર ઉજવણી પૂર્ણ થઈ ચૂકી છે. જોકે કચ્છ એકમાત્ર જિલ્લો છે, જ્યાં નવરાત્રી નવ દિવસ નહીં પરંતુ 13 દિવસ ચાલે છે. આ વિશે વધુ માહિતી આપી રહ્યા છે કચ્છના અમારા પ્રતિનિધિ...

**(VOICECAST – HEMANG PATTANI, W.KUTCH )**

---------------

## GUJARAT WEATHER

દક્ષિણ પશ્ચિમ ચોમાસું તેના અંતિમ તબક્કામાં છે, દરમિયાન રાજ્યના અનેક જિલ્લાઓમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. છેલ્લા 24 કલાકમાં દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ જેવા જિલ્લાઓમાં અંતરિયાળ ભાગોમાં છૂટાછવાયો વરસાદ પડ્યો છે. આ તરફ ઉત્તર ગુજરાતના કેટલાક ભાગો તેમજ સૌરાષ્ટ્રમાં જૂનાગઢ અને સુરેન્દ્રનગર અને કચ્છના કેટલાક ભાગોમાં પણ વરસાદી માહોલ સર્જાયો હતો.

ભરૂચમાં ગાજવીજ સાથે પડેલા ધોધમાર વરસાદને પગલે 4ના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ વાહિદ મશિદ્દી જણાવે છે કે ભરૂચ તાલુકાના પાદરિયા ગામ નજીક વિજળી પડતા 3 લોકોના મોત થયા છે, જ્યારે હાંસોટમાં પણ એક વ્યક્તિનું મોત થયું છે. જ્યારે અન્ય બે દાઝી જતા ભરૂચ સિવિલ હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

દ્વારકા જિલ્લાના અમારા પ્રતિનિધિ કરન જોશી જણાવે છે કે ખંભાળિયાના વિંજલપર , ભાડથર, ભટગામ  માંઝા, શકિતનગર, સહિતના  ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. સતત બે દિવસથી  વરસી રહેલા વરસાદથી ખેડૂતને મગફળી , કપાસ સહિતના પાકને નુકસાન થાય તેવી ભીતિ છે.

કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે કે કચ્છના  મુન્દ્રા, અબડાસા, અને  માંડવીમાં આજે સતત ત્રીજા દિવસે પણ વરસાદ નોંધાયો.

હવામાન વિભાગે ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર સહિત રાજ્યના કેટલાક ભાગોમાં આગામી બે દિવસમાં ભારે ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગરમાં હળવા વરસાદની આગાહી કરી છે.

દક્ષિણ ગુજરાતની વાત કરીએ તો વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ, દાદરા-નગર હવેલી સહિતના વિવિધ જિલ્લાઓમાં ગાજવીજ સાથે મધ્યમ વરસાદની શક્યતા છે. કચ્છ સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ તેમજ કચ્છના કેટલાક ભાગોમાં છૂટોછવાયો વરસાદ વરસી શકે છે.

---------